For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પ્રતાપનગર હેડક્વાર્ટર ખાતે બેલેટ પેપરથી મતાધિકારનો પ્રયોગ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ખાખીનો ઉત્સાહ : 60% મતદાન કર્યું

મતદાન પ્રક્રિયામાં 788 સુરક્ષા જવાનોએ મતદાન

ચૂંટણીમાં 6000 જેટલા પોલીસ અને હોમગાર્ડ જવાનો બજાવશે પોતાની ફરજ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026 અંતર્ગત આજે વહેલી સવારથી સરકારી કર્મચારીઓ માટે મતદાનની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ચૂંટણીની ફરજમાં રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ બેલેટ પેપર દ્વારા મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રતાપનગર ખાતે યોજાયેલી મતદાન પ્રક્રિયામાં ૭૮૮ સુરક્ષા જવાનોએ મતદાન કર્યું છે. જે ૬૦ ટકા જેટલું છે.

શહેરના પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે ઉભા કરવામાં આવેલા મતદાન મથક પર સવારના 9:00 વાગ્યાથી જ કર્મચારીઓની લાંબી કતારો જોવા મળી હતી. આ મતદાન પ્રક્રિયા સાંજે 5:00 વાગ્યા સુધી કાર્યરત રહેશે. અંદાજે 5,000 થી 6,000 જેટલા સરકારી કર્મચારીઓ, જેમાં પોલીસ વિભાગના અધિકારીઓ, જવાનો અને હોમગાર્ડના જવાનોનો સમાવેશ થાય છે, તેઓ વડોદરાના તમામ 19 વોર્ડના ઉમેદવારો માટે પોતાનું મત આપી રહ્યા છે. યોજાયેલી મતદાન પ્રક્રિયામાં 788 સુરક્ષા જવાનોએ મતદાન કર્યું છે. જે 60 ટકા જેટલું છે.

વોર્ડ નંબર 13, 14 અને 15 ના મદદનીશ ચૂંટણી અધિકારી જણાવ્યું હતું કે, પ્રતાપનગર હેડક્વાર્ટર ખાતે ખૂબ જ વ્યવસ્થિત અને શાંતિપૂર્ણ માહોલમાં વોટિંગની કામગીરી ચાલી રહી છે. ખાસ કરીને વોર્ડ 13, 14 અને 15 માટે કુલ 451 જેટલા મતદારો નોંધાયેલા છે, જેઓ ઉત્સાહપૂર્વક આ લોકશાહીના પર્વમાં ભાગ લઈ રહ્યા છે.

સરઘસ કે રેલીઓનું કોઈ રેકોર્ડિંગ કરવામાં આવતું નથી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આચારસંહિતા 'કાગળ પરનો વાઘ'

તંત્રની નિષ્ક્રિયતા અને પૂરતી વ્યવસ્થાનો અભાવ

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે, ઉમેદવારો પોતાના પ્રચારમાં વ્યસ્ત છે, પરંતુ આ તમામની વચ્ચે એક ગંભીર સવાલ ઉભો થયો છે. શું આ ચૂંટણીમાં આદર્શ આચારસંહિતા માત્ર કાગળ પરનો વાઘ બનીને રહી ગઈ છે ? લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળતી કડક દેખરેખ અને પારદર્શિતાનો અભાવ સ્થાનિક ચૂંટણીઓમાં સ્પષ્ટપણે વર્તાઈ રહ્યો છે, જેને કારણે વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ફ્લાઈંગ સ્ક્વોડ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ અને વીડિયો વ્યૂઈંગ ટીમ જેવી સજ્જ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે. તેનાથી વિપરીત, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આવી કોઈ સક્રિય વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. ઉમેદવારી પત્ર ભરતી વખતે થતી વીડિયોગ્રાફીને બાદ કરતાં સભા, સરઘસ કે રેલીઓનું કોઈ રેકોર્ડિંગ કરવામાં આવતું નથી. આ છૂટછાટના કારણે નેતાઓ અને ઉમેદવારો મતદારોને ખુલ્લેઆમ પ્રલોભન આપે તો પણ તંત્ર પાસે તેના કોઈ પુરાવા રહેતા નથી, જે લોકશાહીના મુક્ત અને ન્યાયી વાતાવરણ પર સીધો પ્રહાર છે.

ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા સામે પણ ગંભીર સવાલો ઉઠ્યા છે. વિશ્લેષકોના મતે, પોલિંગ સ્ટાફની ફાળવણી સોફ્ટવેર બેઝ્ડ કરવાને બદલે મેન્યુઅલ પદ્ધતિથી કરવામાં આવતી હોવાથી મળતિયાઓને મનગમતી જગ્યાએ ગોઠવવાની આશંકાઓ સેવાઈ રહી છે. આ ચૂંટણીમાં ઈવીએમ સાથે વીવીપેટ જોડવામાં આવ્યા નથી, જેનાથી મતદાનની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા થાય છે. બૂથ લેવલ ઓફિસરો દ્વારા થતા વોટર સ્લીપના વિતરણમાં પણ અનેક ખામીઓ અને ગેરરીતિઓની ફરિયાદો સામે આવી રહી છે. લોકસભાની ચૂંટણીમાં જે રીતે 'મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટી' કાર્યરત રહીને સોશિયલ મીડિયા અને પેઈડ ન્યૂઝ પર ચાંપતી નજર રાખે છે, તેવી વ્યવસ્થા સ્થાનિક ચૂંટણીઓમાં ન હોવાને કારણે પણ ઉમેદવારો અને પક્ષો મનસ્વી રીતે વર્તી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એ લોકશાહીનો પાયો છે. જો આ પાયામાં જ પારદર્શિતા અને નિયમોના પાલનનો અભાવ રહેશે, તો મતદારોનો વિશ્વાસ ડગમગવો સ્વાભાવિક છે. રાજ્ય ચૂંટણી આયોગ આ ગંભીર મુદ્દાઓ પર તાત્કાલિક સંજ્ઞાન લે અને ચૂંટણી પ્રક્રિયાને કલંકિત થતી બચાવે તે સમયની માંગ છે.

અગાઉ ફોર્મ ભરવાની મુદત છ દિવસ લંબાવાઈ હતી

આરટીઈ પ્રવેશ કાર્યક્રમમાં ફેરફાર પ્રથમ રાઉન્ડ ચોથીએ જાહેર થશે

જુનમાં સ્કૂલો શરૂ થતા પહેલા 3 રાઉન્ડની સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂરી થવામાં હવે વિલંબ થઈ શકે :

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

આરટીઈ હેઠળ ધો. 1માં પ્રવેશ માટેની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને નવો પ્રવેશ કાર્યક્રમ જાહેર કરાયો છે. જે મુજબ હવે પ્રથમ પ્રવેશ રાઉન્ડ ચોથી મેએ જાહેર થશે એટલે કે બાળકોને ચોથી મેએ ઓનલાઈન પ્રવેશ ફાળવાશે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ધો.1માં વિનામૂલ્યે પ્રવેશ માટેની ઓનલાઈન કોમન પ્રક્રિયામાં ફોર્મ ભરવાની મુદત સરકારે 17થી વધારીને 23 એપ્રિલ સુધી કરી છે. આમ છ દિવસ મુદત વધવા સાથે પ્રવેશ કાર્યક્રમ બદલાયો છે અને સુધારો કરીને પ્રાથમિક શિક્ષણ વિભાગે નવો પ્રવેશ કાર્યક્રમ જાહેર કર્યો છે. 25 એપ્રિલ સુધી જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મને અપ્રુવ-રિજેક્ટની કામગીરી થશે. 27-28 એપ્રિલ અમાન્ય થયેલી ઓનલાઈન અરજીમાં ખૂટતા ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે વાલીઓને પુનઃતક આપશે. 30 એપ્રિલ સુધી વાલીઓએ અપલોડ કરેલા નવા ડોક્યુમેન્ટ સાથે અરજીઓની પુનઃ ચકાસણી થશે. 4 મે પ્રવેશ ફાળવણીનો પ્રથમ રાઉન્ડ જાહેર કરાશે. જેમાં વાલીઓને ઓનલાઈન જ પ્રવેશ ફાળવણી થશે અને વાલીએ એડમિશન લેટર ઓનલાઈન ડાઉનલોડ કરવાનો રહેશે. મુદત લંબાવવાના કારણે જુનમાં સ્કૂલો શરૂ થતા પહેલા 3 રાઉન્ડની સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂરી થવામાં હવે વિલંબ થઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વારંવાર રજૂઆતો છતાં તંત્રની કામગીરી માત્ર કાગળ પર જ

ગાજરાવાડીમાં રખડતા ઢોરનો આતંક, ચાલવા નીકળેલા વૃદ્ધને ગાયે અડફેટે લેતા ગંભીર ઈજા

ગાજરાવાડી રોડ પર ઘાસચારાના વેચાણના અનેક પોઈન્ટ હોવાને કારણે પશુઓનો જમાવડો

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે. ગાજરાવાડી વિસ્તારમાં ગતરાત્રે ચાલવા નીકળેલા એક 65 વર્ષીય વૃદ્ધને રખડતી ગાયે અચાનક અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી છે. ગાયે વૃદ્ધના પેટના ભાગે શિંગડું મારી દેતા લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાજરાવાડી સુએજ પમ્પિંગ સ્ટેશન પાસે આવેલા વિશ્વકર્મા નગરમાં રહેતા 65 વર્ષીય ભરતભાઈ દેસાઈભાઈ ચૌહાણ ગઈકાલે રાત્રે આશરે 8:30 વાગ્યાના અરસામાં પોતાના ઘરની નજીક નિયમિત વોકિંગ માટે નીકળ્યા હતા. ભરતભાઈ શાંતિથી રસ્તા પર ચાલી રહ્યા હતા ત્યારે અચાનક ત્યાંથી પસાર થતી એક ગાય કોઈ કારણોસર ઉશ્કેરાઈ ગઈ હતી. કંઈ સમજાય તે પહેલા જ ગાયે ભરતભાઈ પર હુમલો કરી દીધો હતો અને તેમના પેટના ભાગે જોરથી શિંગડું મારી દેતા તેઓ ફંગોળાઈને જમીન પર પટકાયા હતા.

સ્થાનિક લોકોએ આ અંગે જણાવ્યું હતું કે, ગાજરાવાડી રોડ પર ઘાસચારાના વેચાણના અનેક પોઈન્ટ હોવાને કારણે પશુઓનો જમાવડો અહી હંમેશા રહે છે. આ પશુઓ અવારનવાર માર્ગ પર આવી જતા વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવનું જોખમ ઊભું કરે છે. અગાઉ પણ અનેક નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બની છે, છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

ઘટના બાદ વિસ્તારના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે, રખડતા ઢોરના કારણે વૃદ્ધો, મહિલાઓ અને બાળકોએ ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. વારંવારની રજૂઆતો છતાં પાલિકાનું તંત્ર માત્ર કાગળ પર જ કામગીરી કરી રહ્યું હોય તેમ લાગે છે. જો સત્વરે રસ્તા પર રખડતા પશુઓનો કાયમી નિકાલ કરવામાં નહીં આવે, તો આવનારા સમયમાં કોઈ મોટી જાનહાનિ થવાની શક્યતા નકારી શકાય નહીં. હાલ સયાજી હોસ્પિટલમાં ભરતભાઈ ચૌહાણની સારવાર ચાલી રહી છે, ત્યારે હવે તંત્ર આ ઘટના બાદ જાગશે કે કેમ, તે જોવું રહ્યું.

આચાર સંહિતાના નિયમોનું પાલન કરવામાં સહયોગ આપવા તંત્રની અપીલ

શહેરમાં ચૂંટણી આચાર સંહિતાના નામે માત્ર 100 બેનર-હોર્ડિંગ્સ દૂર કરાયા

શહેરના વિવિધ વિસ્તારોમાં પાલિકાનું સઘન અભિયાન, દિવાલ પત્રો પર ફેરવાયો કૂચડો

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

વડોદરા મહાનગર પાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણીઓને અનુલક્ષીને વહીવટી તંત્ર દ્વારા આચાર સંહિતાના કડક અમલીકરણની પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. આદર્શ આચાર સંહિતાનો ભંગ થતો અટકાવવા માટે પાલિકાના કોમર્શિયલ વિભાગ અને વિવિધ વોર્ડના ઝોનલ અધિકારીઓની ટીમો મેદાને ઉતરી છે. આજે શહેરના વિવિધ વિસ્તારોમાંથી 100થી વધુ ગેરકાયદેસર હોર્ડિંગ્સ અને બેનરો દૂર કરવાની સાથે દિવાલો પરના પ્રચાર સાહિત્ય પર કૂચડા ફેરવી દેવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચની સૂચના મુજબ, ચૂંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે. શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો અને દિવાલો પર રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટરો, બેનરો અને સૂત્રો લખાયેલા પત્રો આચાર સંહિતાનો ભંગ કરતા હોવાનું ધ્યાને આવતા તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી તેને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વડોદરા મહાનગર પાલિકાના કોમર્શિયલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ સઘન અભિયાન દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં છવાયેલા રાજકીય પોસ્ટરો અને હોર્ડિંગ્સને જેસીબી અને અન્ય સાધનોની મદદથી ઉતારી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જાહેર મિલકતો પર લગાડવામાં આવેલા દિવાલ પત્રો અને પેઈન્ટિંગ્સ પર કાળો કૂચડો ફેરવીને તેને ભૂંસી નાખવામાં આવ્યા હતા, જેથી શહેરના જાહેર સ્થળો પોસ્ટરમુક્ત બને. પાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે. કોઈપણ વિસ્તારમાં આચાર સંહિતાનો ભંગ થતો જણાશે તો સંબંધિત વિભાગ દ્વારા કડક હાથે કામ લેવામાં આવશે. શહેરીજનોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ આચાર સંહિતાના નિયમોનું પાલન કરવામાં તંત્રને સહયોગ આપે.

એસઓજી અને ફૂડ-ડ્રગ્સ વિભાગની સંયુક્ત રીતે ચેકિંગ

પ્રિસ્ક્રિપ્શન વગર નશાકારક સીરપનું વેચાણ કરતા વેપારીઓ પર તવાઈ

પ્રતાપનગરમાં મેડિકલ સ્ટોરમાં રેડ, નશાયુક્ત દવાઓ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં "નશામુક્ત વડોદરા" અભિયાન હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સખ્ત પગલાં લેવામાં આવી રહ્યા છે. પ્રતાપનગર વિસ્તારમાં આવેલ એક મેડિકલ સ્ટોર પર ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વગર નશાકારક સીરપ વેચાતું હોવાની માહિતી આધારે એસ.ઓ.જી. પોલીસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સાથે મળીને કાર્યવાહી હાથ ધરી હતી.

માનનીય પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ વડોદરા શહેરમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા અને "નશામુક્ત વડોદરા" અભિયાનને વધુ ગતિ આપવા માટે એસઓજી ટીમ દ્વારા ખાસ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે.

આ અભિયાન અંતર્ગત એસઓજી પોલીસ ઈન્સ્પેક્ટર બી.ડી. જીતીયાના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ મેડિકલ સ્ટોર્સ અને ફાર્માસ્યુટિકલ દુકાનોમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તપાસ દરમિયાન વાડી વિસ્તારમાં આર.વી. દેસાઈ રોડ પર આવેલ સન હાઈટ્સ બિલ્ડિંગમાં આવેલી

"પ્રતાપનગર મેડીકલ" સ્ટોર પર ટ્રેપ ગોઠવાયો હતો. પોલીસ દ્વારા ડમી ગ્રાહક મોકલતા સ્ટોર પરથી ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વગર નશાકારક કફ સીરપ અને ગોળીઓ વેચવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ એસઓજી ટીમ અને વડોદરા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ દ્વારા મેડિકલ સ્ટોરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રકારની નશાયુક્ત દવાઓ, કફ સીરપ અને ગોળીઓ મળી આવી હતી. વધુ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે સ્ટોરમાં દવાઓના સ્ટોક માટે જરૂરી રજીસ્ટર પણ જાળવવામાં આવતું નહોતું. જેના આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા મેડિકલ સ્ટોરના સંચાલક વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેના કારણે ગેરકાયદે ધંધો કરતા શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

પાંચ દિવસ વાતાવરણ શુષ્ક રહેશે,તાપમાન 39.4 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

વડોદરામાં કાળઝાળ ગરમીને કારણે નગરજનો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. જોકે, છેલ્લા બે ત્રણ દિવસથી તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાઈ રહ્યો છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન 39.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 25.2 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 29 ટકા અને સાંજે 21 ટકા નોંધાયું હતું.

આગામી દિવસોમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વધવાનો છે. જેને લઈને હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંતો દ્વારા ચેતવણી આપવામાં આવી છે. હાલ પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફથી ફૂંકાતા ગરમ પવનોના કારણે સમગ્ર રાજ્યમાં તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. 22 થી 28 એપ્રિલ દરમિયાન વાતાવરણ શુષ્ક રહેવાની શક્યતા છે. જ્યારે આગામી 48 કલાક બાદ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીની સભા માટે પણ ખર્ચ ન થતાં કાર્યકરોમાં નારાજગી

જિલ્લા ભાજપમાં ફંડ મુદ્દે અસંતોષ ઉમેદવારોને સહાય નહીં મળ્યાનો ગણગણાટ

સંગઠનના હોદ્દેદારો પોતાના ગજવાં ભરવામાં વ્યસ્ત હોવાના આક્ષેપોની ચર્ચા તેજ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં વડોદરા જિલ્લા ભાજપ સંગઠનમાં આંતરિક અસંતોષની ચર્ચાઓ જોર પકડી રહી છે. વિવિધ વિસ્તારોમાંથી મળતી માહિતી અનુસાર અનેક ઉમેદવારોને ચૂંટણી પ્રચાર માટે પક્ષ તરફથી અપેક્ષિત આર્થિક સહાય મળતી નથી તેવી ચર્ચા કાર્યકરોમાં ચાલી રહી છે. પરિણામે ઘણા ઉમેદવારોને પોતાના વ્યક્તિગત ખર્ચે જ પ્રચાર કામગીરી સંભાળવી પડી રહી હોવાનું જાણવા મળે છે.

કાર્યકરોના વર્તુળોમાં એવી પણ ગણગણાટ છે કે તાજેતરમાં યોજાયેલી મુખ્યમંત્રીની જાહેર સભામાં લોકોની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવા માટે પણ સંગઠન તરફથી પૂરતું આયોજન અથવા ખર્ચ કરવામાં આવ્યો નહોતો. જેના કારણે અપેક્ષિત પ્રમાણમાં ભીડ એકત્ર ન થતાં સ્થાનિક સ્તરે કાર્યરત કાર્યકરોમાં નિરાશા અને અસંતોષનો માહોલ સર્જાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ બાબતની નોંધ પ્રદેશ સ્તરે પણ લેવામાં આવી હોવાની ચર્ચા છે.

કેટલાક કાર્યકરોનું માનવું છે કે સંગઠનના કેટલાક હોદ્દેદારો ચૂંટણી સમયે કાર્યકરો અને ઉમેદવારોને મજબૂત બનાવવાના બદલે પોતાના સ્વાર્થમાં વધુ વ્યસ્ત હોવાનું લાગી રહ્યું છે. જોકે આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી, તેમ છતાં તળિયાના સ્તરે અસંતોષ વધતો હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં તેજ બની છે.

રાજકીય નિરીક્ષકોના મતે, ચૂંટણી જેવા સંવેદનશીલ સમયમાં આવા પ્રકારની આંતરિક અસંતોષની ચર્ચાઓ પક્ષની કામગીરી અને પરિણામ પર અસરકારક સાબિત થઈ શકે છે. હાલ આ મુદ્દે પક્ષના જવાબદાર હોદ્દેદારો તરફથી કોઈ સ્પષ્ટ પ્રતિસાદ આપવામાં આવ્યો નથી, જેના કારણે સ્થિતિ અંગે અસ્પષ્ટતા યથાવત્ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં પક્ષના વરિષ્ઠ નેતાઓ દ્વારા બેઠક બોલાવી સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવી શકે છે. કાર્યકરોમાં ઊભા થયેલા અસંતોષને દૂર કરવા માટે સંકલન વધારવા અને ચૂંટણી પ્રચારને ગતિ આપવા માટે ખાસ વ્યૂહરચના તૈયાર કરવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

RTOમાં નિર્ધારિત સમય મુજબ કામગીરી શરૂ નહિ થતા હાલાકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

વડોદરા શહેર નજીક દરજીપુરા આરટીઓ કચેરીમાં દરરોજ મોટી સંખ્યામાં અરજદારો દૂર દૂરથી લાયસન્સ સહિતના અગત્યના કામ અર્થે આવતા હોય છે. જોકે, નિર્ધારિત સમય મુજબ કામગીરી શરૂ નહિ થતા અરજદારો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

વડોદરા આરટીઓ કચેરીમાં કોઈના કોઈ પ્રકારે અરજદારો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આજના ડિજિટલ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં પણ અહીં કચેરીમાં ઝડપી કામગીરી થવાને બદલે લોકોને રાહ જોવાની ફરજ પડી રહી છે. દરજીપુરા આરટીઓ કચેરીમાં દરરોજ બહોળી સંખ્યામાં અરજદારો, ડ્રાઈવિંગ ટેસ્ટ, લાયસન્સ, પાર્સિંગ, રજિસ્ટ્રેશન સહિતની કામગીરી માટે આવતા હોય છે. દરરોજ અપાયેલી એપોઈન્ટમેન્ટ મુજબ અરજદારો પોતાના કામ અર્થે વહેલી સવારથી જ વાહનો કતારમાં લગાવી ઉભા રહેતા હોય છે.

અમેરિકા-ઈરાન યુદ્ધ તણાવની અસરથી પ્રવાસ અંગે લોકો મૂંઝવણમાં

વેકેશનગાળા દરમિયાન ટ્રાવેલ બુકિંગમાં 50%નો મોટો ઘટાડો

ટ્રાવેલ સેક્ટરમાં અસમંજસની સ્થિતિ,એક મહિનાને બદલે હવે માત્ર 10 દિવસ અગાઉ જ બુકિંગનો ટ્રેન્ડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

દર વર્ષે લોકો ઉનાળાના વેકેશનની આતુરતાથી રાહ જુએ છે. સ્કૂલ કોલેજની રજાઓ પડતાં જ હજારો પરિવારો દેશ-વિદેશના પર્યટન સ્થળોએ રવાના થાય છે. ખાસ કરીને એપ્રિલ અને મે મહિનામાં ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી માટે સોનાનો સમય ગણાય છે. પરંતુ આ વર્ષે સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે.

વૈશ્વિક સ્તરે વધતી તણાવપૂર્ણ પરિસ્થિતિ, ખાસ કરીને અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીને મોટો ઝટકો લાગ્યો છે. છેલ્લા દોઢ મહિનાથી ચાલતા યુદ્ધના પ્રત્યાઘાત હવે સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યા છે. ઉદ્યોગ, વેપાર, ટ્રાન્સપોર્ટ સહિતના અનેક ક્ષેત્રો સાથે ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી પણ ગંભીર અસર હેઠળ આવી ગઈ છે.

અગાઉ લોકો એક મહિના પૂર્વે જ એડવાન્સ બુકિંગ કરી લેતા, પરંતુ હાલની પરિસ્થિતિમાં તેઓ છેલ્લી ઘડીએ નિર્ણય લેવાનું પસંદ કરી રહ્યા છે. દર વર્ષે એપ્રિલ મહિનામાં શાળાઓની પરીક્ષાઓ પૂર્ણ થતાં જ વેકેશન શરૂ થાય છે અને પર્યટન સ્થળોએ ભારે ભીડ જોવા મળે છે. ટિકિટ અને હોટેલ્સની અછત સર્જાતી હોવાથી લોકો પહેલેથી જ બુકિંગ કરી લેતા હતા. પરંતુ, આ વર્ષે લોકો ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનેશનલ બંને પ્રકારના પ્રવાસ ટાળી રહ્યા છે. યુદ્ધને કારણે જો કોઈ આકસ્મિક પરિસ્થિતિ સર્જાય તો વિદેશમાંથી પરત ફરવું મુશ્કેલ બની શકે છે તેવી ભીતિ પણ લોકોમાં છે. સાથે જ જો યુદ્ધ વધુ વિકરાળ બનશે તો ખર્ચમાં વધારો થવાની શક્યતા પણ છે.

આ ઉપરાંત ગેસ પુરવઠામાં ખલેલ પહોંચતા અનેક ઉદ્યોગો પર તેની અસર પડી છે. હોટેલ અને રેસ્ટોરન્ટ વ્યવસાય પણ મંદી તરફ ધકેલાઈ રહ્યા છે. કેટલાક સ્થળોએ તો બંધ થવાની પરિસ્થિતિ પણ ઊભી થઈ છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થવાથી ટ્રાન્સપોર્ટ ખર્ચ વધી ગયો છે, જેના સીધા પ્રભાવ તરીકે ફ્લાઈટ ટિકિટ અને હોટેલ ભાડામાં વધારો થયો છે. પરિણામે ટૂર પેકેજ મોંઘા બન્યા છે, અને લોકો હવે ખર્ચ કરતા પહેલા વધુ વિચારતા થયા છે. જે શાહી કેસરિયા જણાવે છે કે, યુદ્ધ પહેલા જ્યાં લોકો એક મહિના અગાઉ બુકિંગ કરતા હતા, હવે તેઓ માત્ર 10 દિવસ પહેલા જ બુકિંગ કરી રહ્યા છે.



યુદ્ધની સ્થિતિ અને મોંઘવારીના કારણે ઘટાડો

ગત વર્ષની સરખામણીએ આ વર્ષે માત્ર 50 ટકા જેટલું જ બુકિંગ થયું છે. લોકોમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ હોવાને કારણે તેઓ મુસાફરીના પ્લાન બનાવવામાં સંકોચ અનુભવી રહ્યા છે. ખાસ કરીને ઇન્ટરનેશનલ ટૂર માટેની માંગમાં ભારે ઘટાડો નોંધાયો છે. ડોમેસ્ટિક ટૂર માટે આશરે 50 ટકા બુકિંગ થયું છે. જ્યારે ઇન્ટરનેશનલ માટે માત્ર 25 ટકા જ બુકિંગ નોંધાયું છે. કોરોના મહામારી બાદની આ સૌથી નબળી સીઝન ગણાય છે. યુદ્ધની સ્થિતિ અને મોંઘવારીના કારણે લોકો રિસ્ક લેવા તૈયાર નથી. અમે આશા રાખીએ છીએ કે પરિસ્થિતિ જલ્દી થાળે પડે.

- ચિરાગભાઈ પટેલ, ટુર્સ એન્ડ ટ્રાવેલર્સ એસોસિએશન

પાઠ્યપુસ્તક મંડળને યુદ્ધ નડ્યું, કાગળ ખરીદીમાં કરોડોનો બોજ

2026-27 માટે પાઠ્ય પુસ્તકો તૈયાર કરવાના ટેન્ડરમાં વિવાદથી અઢી મહિના વેડફાયા

શિક્ષણ વિભાગ દ્વારા પુસ્તકોની કિંમતમાં કોઈ વધારો નહીં કરાય તેવી સ્પષ્ટતા પણ કરાઈ છે

સૌથી નીચો ભાવ આવ્યો હોવાનો મંડળનો દાવો

નિયમ પ્રમાણે 6 માસમાં કાગળ પૂરો પાડવાનો હોય છે. યુદ્ધના કારણે કામગીરીમાં વિલંબ થાય તેવી સ્થિતિ ઊભી થઈ હતી. જૂનમાં સ્કૂલો શરૂ થવાની હોવાથી વિદ્યાર્થીઓને સત્ર શરૂ થાય ત્યાં સુધીમાં પુસ્તકો મળી રહે તે માટે 30 દિવસમાં કાગળ મળી રહે તે પ્રકારનું ટેન્ડર કરવામાં આવ્યું હતું. જેમાં પણ ગુજરાતમાં સૌથી નીચો ભાવ આવ્યો હોવાનો દાવો પણ મંડળ દ્વારા કરાયો હતો.

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

રાજ્યમાં પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો.1થી 12ના પુસ્તકો છપાવવા માટે આપવામાં આવેલા ટેન્ડરમાં કાયદાકીય વિવાદ થતાં મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો. કોર્ટમાંથી ચુકાદો આવ્યા બાદ મંડળે કરેલી પ્રક્રિયાને માન્ય રખાઈ હતી. કોર્ટની કાર્યવાહી દરમિયાન જે સમય વ્યય થયો તે દરમિયાન ખાડી દેશોમાં યુદ્ધ શરૂ થતાં કાગળનો ભાવ વધી જતાં નવેસરથી ટેન્ડરિંગ પ્રક્રિયા પછી પણ સરવાળે પાઠ્ય પુસ્તક મંડળે 12 કરોડનો બોજો ઉઠાવવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા દર વર્ષે કોર્પોરેશન, સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધો.1થી 12ના પુસ્તકો આપવામાં આવે છે. આ માટે મંડળ દરવર્ષે ટેન્ડર બહાર પાડીને જે તે એજન્સીને કોન્ટ્રાક્ટ આપે છે. વર્ષ 2026-27 માટે ટેન્ડર બહાર પાડીને એક એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જેની સામે રિજેક્ટ કરવામાં આવેલી એજન્સી કે કંપનીએ કોર્ટમાં રિટ કરી હતી. આ કાયદાકીય પ્રક્રિયામાં બેથી અઢી માસ જેટલો સમય પસાર થઈ ગયો હતો. કોર્ટનો ચુકાદો આવ્યા બાદ મંડળ દ્વારા જે તે એજન્સીને કામગીરી શરૂ કરવા માટે સૂચના આપવામાં આવી ત્યારે ખાડી દેશોમાં યુદ્ધ શરૂ થઈ ચૂક્યું હોવાથી જે તે એજન્સીએ જૂના ભાવે કામગીરી કરવા ઈનકાર કરી દીધો હતો. નવેસરથી ટેન્ડર પ્રક્રિયામાં ભાવ વધારો આવ્યો હતો. જેને લઈને એવી ફરિયાદ પણ ઉઠી હતી કે, પાઠ્ય પુસ્તક મંડળે ઊંચા ભાવે ખરીદી કરીને કૌભાંડ આચર્યું છે. જોકે, શિક્ષણ વિભાગ દ્વારા પુસ્તકોની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા પણ કરાઈ છે.